બાળકો અને નવયુવાનો માટે

# હદી
માસિક

અંક ૪૩

જમાદીયુસ્સાની હી.સ.૧૪૩૩,
મે - ૨૦૧૨



રૂા. 30/-

# ખૂદાના મિત્રો

**(એ લોકો જેમને ખુદા પસંદ કરે છે)**

| | | | |
|---|---|---|---|
| ૧. | તવ્વાબીન | તૌબા કરવાવાળાઓ | સૂરએ બકરાહ - આ. ૨૨૨ |
| ૨. | મુતતહહેરીન | ગુનાહોથી પાક રહેવાવાળાઓ | સૂરએ બકરાહ-આ. ૨૨૨ |
| ૩. | મોહસેનીન | ઉપકાર કરવાવાળાઓ | સૂરએ બકરા આ. ૧૯૫<br>ઈમરાન - આ. ૧૪૩, ૧૪૮ |
| ૪. | મુત્તકીન | પરહેઝગાર અને અલ્લાહથી ડરવાવાળાઓ | સૂરએ આલે ઈમરાન<br>આયત - ૭૬ |
| ૫. | સાબેરીન | ધૈર્ય રાખવાવાળાઓ | સૂરએ આલે ઈમરાન<br>આ. ૧૪૬ |
| ૬. | મુકસેતીન | ન્યાય તોળવાવાળાઓ | સૂરએ માએદા-આ ૪૨-<br>સૂરએ હઝરાત આયત-૯ |
| ૭. | મુતવકકેલીન | અલ્લાહ ઉપર ભરોસો રાખનાર | સૂરએ આલે ઈમરાન<br>આયત - ૧૫૨ |
| ૮. | મુત્તહરીન | પવિત્રતાનું ધ્યાન રાખવાવાળાઓ | સૂરએ તૌબા<br>આયત-૧૦૮ |





E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત**

અરવાહોના ફિદાહ, અજજલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

**મુખ્ય તંત્રી :**

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

**કાર્યવાહક તંત્રી :**

**સૈયદ મોહમ્મદ અખ્તર**

**સહાયકો :**

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

**શુષોભન :**

**(Skype Graphics)** સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


**જમાદીયુસ્સાની હીજરી સન ૧૪૩૩,**
**મે - ૨૦૧૨**

**મારા વહાલા બાળકો !** **સલામુન - અલ્યકુમ!**

આખા વરસની મહેનતની કસોટી અને તેના ફળ પ્રાપ્તિની વેળા એટલે કે પરીક્ષાનો મહીનો આવી ગયો છે.

અમને આપ સર્વેની પાસેથી સખ્ત મહેનતની અપેક્ષા છે જેથી આપના માતા-પિતા અને સગા-વહાલાઓને પ્રસન્નતાનો મોકો મળે. બીજ-પ્રથમ નાનો છોડ અને પછી મોટું વૃક્ષ બને છે. કોઈપણ ઘેઘૂર વૃક્ષને જોઈને ખુશ જરૂર થાય છે. પરંતુ તે ફળ ન આપે તો થોડોક અફસોસ જરૂર થાય છે, નિરાશા પણ થાય છે.

વૃક્ષની કીંમત તેના ફળમાં છે અને ફળના લાભોનો વ્યાપ ઘણો વિશાળ છે. શક્ય છે કોઈ વૃક્ષનું ફળ આપણા માટે ઉપયોગી ન હોય પરંતુ કોઈ બીમાર વ્યક્તિ માટે અકસીર હોઈ શકે છે.

માણસ જો મહેનત કરે અને પરવરદિગાર પ્રત્યે અનુરાગ કેળવે તો તેની સફળતા નિશ્ચિત છે. તેથી પરવરદિગારની યાદથી ગાફેલ રહેતા નહીં.

આ મહીનો અનેક રીતે મહત્વનો છે.

આ માસમાં જયાં આપણા માટે ખુશીનો સર્વોત્તમ પ્રસંગ છે ત્યાં શોક અને દુઃખનું દ્રશ્ય પણ આ મહીનોજ લઈને આવ્યો છે.

આ મહીનામાં શાહઝાદીએ કાએનાત અને રસૂલે અકરમ સ.અ.વ.ની વહાલ સોઈ પુત્રીની વિલાદતે - બ - સઆદત છે. જે આપણાં માટે ખુશાલીનો પ્રસંગ છે.

પરંતુ આપની મઝલૂમ શહાદતે સઘળી શીઆ કૌમ જ નહીં પરંતુ સમગ્ર માનવ જગતને શોકાતૂર અને દુઃખ ગ્રસ્ત કરી દીધાં છે.

આપનું પવિત્ર જીવન સંપૂર્ણપણે એક અનુકરણીય નમૂનો છે. ખાસ કરીને 'નારીજગત'ની પયગમ્બરી કરવાનું કાર્ય તો આપની જ જવાબદારી હતી.

આપ તમામની સફળતાની દુઆ સાથે અમે આપનાથી વિદાય લઈએ છીએ.

વસ્સલામ
અને અમારા માટે દુઆની પ્રાર્થના.


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

**વાર્ષિક લવાજમ**

**રૂા. ૩૦૦/-**

# ફાતેમા ઝહરા સલા.

## મહાન વ્યક્તિઓની દ્રષ્ટિએ

### ઝયનુલ અરબ :

ફાતેમા ઝહરા સલા. નું નામ"બતુલ" એટલા માટે પડ્યુ છે કે મહાનતા-શ્રેષ્ઠતા-ઈમાનદારી અને સદ્ચારિત્રના ગુણોમાં આપના જેવી બીજી કોઈ સ્ત્રી નથી.

### કમાલુદીન મુહમ્મદ-બિન-તલહા-અશશાફઈ

જે ફઝીલતો જનાબ ફાતેમા સલા. માટે જ સર્જાઈ છે તેમાં અન્ય કોઈ સામેલ થઈ શક્યો નથી અને જે ફઝીલતોમાં આપની સાથે બીજા પણ સામેલ છે તેમાં પણ આપ શ્રેષ્ઠતા ધરાવે છે.

### શમ્સુદીન ઝહબી

ફાતેમા ઝહરા સલા. માટે ગર્વ લેવા માટેના ઘણાં કારણો છે. આપ ખૂબ જ ધૈર્ય રાખનારા - નેક ટેવોવાળા - ઓછું હોય તેનાથી પણ ચલાવી લેનાર (અને તેના માટે અલ્લાહને ફરિયાદ ન કરનાર) અને અલ્લાહનો એહસાન માનનાર હતા.

### બિન્તુશશાતી (એક ઈજિપ્શિયન ચિંતક)

આપ પયગમ્બર સ.અ.વ. ની સૌથી પ્રિય પુત્રી હતા અને પોતાના પિતા સાથે સદ્ચારિત્ર-સારી ટેવો અને મહાન સદ્ગુણોમાં સૌથી વધારે સમાનતા ધરાવતા હતા અને ખુદાવન્દે આલમે ફક્ત આપને જ પવિત્ર વંશજો માટે પસંદ કર્યા હતા અને આપ જ પયગમ્બર સ.અ.વ.ના અહલેબૈત અ.સ.ના પવિત્ર વૃક્ષના મૂળ છે.


E-mail : hadimasik@yahoo.com

# સવાલ-જવાબ

**પ્રશ્ન : બધાં જ કાર્યો (બધી જ ઈબાદતો)ને કબૂલ કરવા માટે નમાઝ અને અહલેબૈત અ.સ.ની મહોબ્બતને ખુદાવન્દે આલમે કેમ આવશ્યક ગણ્યા છે ?**

જવાબ : જેવી રીતે એક ટ્રાફિક પોલીસ ડ્રાઈવર પાસે ડ્રાઈવીંગ લાયસન્સ માંગે અને ડ્રાઈવર પોતાના તબીબી - રાજકીય - મકાન - દુકાન અને વેપારનું કાર્ડ અથવા લાયસન્સ દેખાડે અથવા જન્મનું પ્રમાણપત્ર અને શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો રજુ કરે અને તે પોલીસ કોન્સ્ટેબલને કહે કે મારી પાસે આટલા બધા કાર્ડ અને લાયસન્સ છે, મને જવા દો - તો તે પોલીસવાળો તેને ડ્રાઈવીંગ લાયસન્સ દેખાડ્યા વગર જવા દેશે ખરો ?

કયામતમાં ખુદાવન્દે આલમે જન્નત સુધી પહોંચવા માટે નમાઝ અને અહલેબૈત અ.સ.ની મહોબ્બતની શરત રાખી છે તેથી જો આ શરત પરિપૂર્ણ ન થતી હોય તો બીજા તમામ આઅમાલ અંગેના પુરાવા બેકાર છે અને નમાઝ અને અહલેબૈત અ.સ.ની મહોબ્બત વગર તેવા પુરાવા જન્નતમાં જવા માટે અને નજાત પામવા માટે પુરતાં નથી.

# મા-બાપ

ખુદાવન્દે આલમ કુરઆને મજીદમાં ફરમાવે છે કે "અને તમારા પરવરદિગારે એવી આજ્ઞા કરી છે કે તેના સિવાય બીજા કોઈની ઈબાદત કરશો નહીં અને માં-બાપ સાથે નેકી (સારૂ વર્તન) કરતા રહેશો અને તેઓ પૈકી કોઈ એક અથવા તેઓ બંને વૃધ્ધ થઈ જાય તો તેમની સામે ઉંહકારો સુધ્ધા ન કરતા અને તેમને ધુત્કારશો નહીં અને તેમની સાથે સારી વાતો કરજો (સારૂં વર્તન કરશો)"

રસૂલે ઈસ્લામ સ.અ.વ. થી રિવાયત છે કે એવી પરસ્થિતિથી બચો કે જેમાં તમારા માં-બાપ તમને પોતાના વંશ -વારસોમાંથી બાકાત કરી દે (આક કરી દે)

આપ સ.અ.વ.થી રિવાયત છે કે : જે વ્યક્તિએ એવી પરિસ્થિતિમાં રાત વિતાવી હોય કે તેના માતા-પિતા (તે રાત્રે) તેનાથી નારાજ રહ્યા હોય તો જહન્નમના બે બારણા તેના માટે ખોલી દેવામાં આવે છે.



ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.એ ફરમાવ્યું છે કે એક દિવસે મારા મહાન પિતાએ એક એવી વ્યક્તિને જોયો જે પોતાના પુત્ર સાથે જઈ રહ્યો હતો અને તેના પુત્રે પોતાના પિતાના હાથને




પકડી રાખીને તેનો સહારો લીધેલો હતો. ઈમામ અ.સ.એ ફરમાવ્યું કે તે પછી મારા મહાન પિતાએ જીવનભર તે પુત્ર સાથે વાત નહોતી કરી.

ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે જેના માતા-પિતા તેના પ્રત્યે અત્યાચાર કરતા હોય તે છતાંયે જો કોઈ વ્યક્તિ પોતાના મા-બાપને દુશ્મનાવટથી જુએ તો ખુદા તેની નમાઝ કબૂલ નહીં કરે. આપ અ.સ. થી જ રિવાયત છે કે જો “ઉંહકારો” કરવા કરતાં પણ જો કોઈ હલ્કી વસ્તુ હોત તો ખુદાવન્દે આલમે તેની પણ મનાઈ ફરમાવી હોત અને આ “ઉંહકાર” જેવી મામૂલી વસ્તુ પણ માતા-પિતાના વંશ - વારસામાંથી વંચિત કરી દે છે અને માતા-પિતાના વંશ - વારસાથી એ વ્યક્તિ પણ વંચિત થઈ જાય છે જે પોતાના માતા-પિતાને જુએ અને તેમને જોતો જ રહે. (એટલે કે તેમની તરફ એક દ્રષ્ટિ નાંખીને પછી આંખો ઝુકાવી લેવી જોઈએ)





# શણગાર અને અહલેબૈત અ.સ.

કુરઆનનો હુકમ છે કે : હે આદમના સંતાનો ! તમે જ્યારે મસ્જિદમાં જાઓ ત્યારે પોતાના શણગારની બાબતે પણ ચીવટ રાખો (એટલે કે શણગાર કરીને જાઓ)....હે રસૂલ ! (તમે લોકોને) કહી દો કે કોણે ઈલાહી શણગાર અને પાક રોજીને તમારા માટે હરામ કર્યા છે ? (સૂરએ-અઅરાફ-આયત-૩૧-૩૨)

જાણકાર લોકોનું કહેવું છે કે મનુષ્યમાં ચાર પ્રકારના સૌંદર્ય હોય છે.

(૧) શારીરિક શણગારનું સૌંદર્ય

(૨) સદ્ચારિત્રનું સૌંદર્ય

(૩) બુધ્ધિ ચાતુર્યનું સૌંદર્ય

(૪) ધાર્મિક સૌંદર્ય

તેથી અઈમ્મા અ.સ.એ. મનુષ્યના બાહ્ય શારીરિક સૌંદર્ય અને તેના સાજ શણગાર પ્રત્યે ખાસ લક્ષ આપવા જણાવ્યું છે અને તેના મહત્વને પણ દર્શાવ્યું છે.

એક વ્યક્તિએ ઈમામ હસન અ.સ.ને પુછયું, આપ નમાઝ પઢતી વખતે સારા સુંદર અને સર્વશ્રેષ્ઠ વસ્ત્રો જ કેમ પહેરો છો ? ઈમામ અ.સ.એ ફરમાવ્યું કે નિશંકપણે ખુદાવન્દે આલમ સૌંદર્યને પસંદ કરે છે. તેથી જ હું ખુદાવન્દે આલમ સાથે પ્રેમની વાતો કરતી વખતે સુંદર અને સૌથી સારા વસ્ત્રો પહેરૂં છું. અને ખુદાવન્દે આલમે પણ હુકમ આપ્યો છે કે, "મસ્જિદમાં જતી વખતે શણગાર કર્યા કરો" (બિહાર ભા-૮૩, પા. ૧૮૫)



શારિરીક શણગાર સજવાની બાબતે માઅસૂમીન અ.સ.ના ઘણા બોધવચનો છે. આવો... તેમાંથી કેટલાક જોઈએ.

નબીયે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે સ્વાદિષ્ટ વસ્તુઓનો લાભ લેવો અને (અલ્લાહની ) નેઅમતોને પ્રદર્શિત કરવી તે દીનનો એક ભાગ છે. (ફુરૂએ કાફી-ભા-૬, પા ૪૩૯)

આપ સ.અ.વ.નું જ ફરમાન છે કે શક્ય તેટલી વધારે સ્વચ્છતા જાળવો કેમકે ખુદાવન્દે આલમે ઈસ્લામના મૂળમાંજ સ્વચ્છતા રાખી છે અને પવિત્ર અને સ્વચ્છ-સાફ મનુષ્ય સિવાય બીજો કોઈ જન્નતમાં જશે જ નહીં. (મીઝાનુલ-હિકમત-ભા-૧૦, પા. ૯૩)

આપ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે અકીકની વીંટી પહેરો કેમકે તેને કારણે બરકત આવે છે. (ફુરૂએ-કાફી-ભાગ-૬, પા. ૪૭૦)

ઈમામ અલી અ.સ. ફરમાવે છે કે દાતણ કરવું તે મોઢાની સ્વચ્છતાનું કારણ છે અને તેનાથી પરવરદિગાર ખુશ થાય છે. (ફુરૂએકાફી-ભા-૬, પા. ૪૯૫) ઈમામ બાકિર ફરમાવે છે કે, પોતાના નખ કાપતા રહો કેમકે તેની નીચે શયતાન પોતાના સુવા માટે જગ્યા બનાવી લે છે. (મકારિમે - અખલાક - પા.૭૨)

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે : રસૂલે ખુદા સ.અ.વ. પોતાના ખાવાના ખર્ચ કરતા અત્તર અને ખુશ્બુઓ માટે વધારે રકમ ખર્ચ કરતા હતા. (ફુરૂએ કાફી-ભા-૬, પા. ૫૧૨)

ઈમામ સાદિક અ.સ. એ એવું પણ ફરમાવ્યું છે કે :

નીલમ (ફીરોઝા)ની વીંટી પહેરો - કેમકે તેનાથી તમારો હાથ કદીયે દરિદ્ર નહીં થાય (ફુરૂએ કાફી-ભા-૬, પા. ૪૭૨)




ઈમામ કાઝિમ અ.સ. ફરમાવે છે કે અત્તર લગાડવું તે અંબિયાની સુન્નત અને તેઓએ અપનાવેલી ટેવ (સીરત) છે. (ફુરૂએ કાફી ભા-૬, પા. ૫૧૧)

માઅસૂમ અ.સ. પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે સંપૂર્ણ પ્રકાશિત હતાં તેમ છતાં પોતાના દરેક કાર્યમાં સ્વચ્છતા અને પવિત્રતાનો ખાસ ખ્યાલ રાખતા હતા.

**આપ લોકો હંમેશા :-**

★ પોતાના દેખાવને સ્વચ્છ-સુંદર અને પવિત્ર રાખતા હતા.

★ આંગળીઓમાં અકીક અને નીલમની વીંટીઓ પહેરતા હતા.

★ પોતાના વસ્ત્રોને અત્તર અને સુગંધિત પદાર્થો વડે સુગંધિત રાખતા હતા.

★ પોતાની દાઢીને યોગ્ય રીતે રાખતા હતા.

★ લોકો વચ્ચે જતા પહેલા એવી વસ્તુઓ ખાતા નહોતાં જે વસ્તુઓ ખાવાથી દુર્ગંધ ઉત્પન્ન થાય અને બીજાઓને ગમે નહીં.

★ વાળને ઓળીને રાખતા હતા.

★ માથા અને દાઢીના વાળોને કલપ કરતા હતા.

★ ગર્વભેર અને શાંતિથી ચાલતા હતા, વિગેરે.

# આઠ પ્રકારના માણસો

## નબીયે અકરમ સ.અ.વ.ની શિખામણો (વસીયતો)



હે અલી !

આઠ પ્રકારના માણસોને અપમાન અને બેઆબરૂપણું મળે તો તેના માટે તેમણે પોતાને જ જવાબદાર ગણવા જોઈએ.

(૧) આમંત્રણ વગર કોઈ ભોજન સમારંભમાં જનાર વ્યક્તિ

(૨) ઘરના વડીલ ઉપર જ આજ્ઞા ચલાવનાર વ્યક્તિ

(૩) શત્રુઓ પાસેથી ભલાઈ ચાહવાવાળો વ્યક્તિ

(૪) નિમ્ન જાતના ભૂંડા લોકો પાસેથી દયાકૃપા અને પ્રતિષ્ઠા માંગવાવાળો વ્યક્તિ

(૫) બે વ્યક્તિઓના રહસ્યની જાણકારી મેળવી લેનાર એવો વ્યક્તિ કે જેને એ રહસ્યનો ભાગીદાર બનાવવામાં ન આવ્યો હોય.

(૬) રાજાને તુચ્છ સમજવાવાળો વ્યક્તિ

(૭) જે સ્થાન ઉપર બેસવાની તેનામાં લાયકાત ન હોય તેવા સ્થાને આરૂઢ થઈ જનાર વ્યક્તિ

(૮) એવા વ્યક્તિ સાથે વાતો કરનાર જે તેની વાતો સાંભળતા ન હોય - સાંભળવા તૈયાર ન હોય.

(નોંધ : આ તમામ શીખામણો શૈખ સદૂકના પુસ્તક ‘‘મલલા યહઝરહુલ ફકીહ’’ માંથી ચૂંટીને લેવામાં આવેલ છે.)





# જીવવાનો અધિકાર

કુદરતી રીતે જીવવાનો અધિકાર સૌથી મહત્વનો અધિકાર છે. અલ્લાહતઆલા ઈર્શાદ ફરમાવે છે "પોતાનું ગળુ પોતે જ દબાવીને પોતાના પ્રાણનો ત્યાગ ન કરો. કેમકે ખુદા તઆલા નિઃશંકપણે તમારા ઉપર દયા-કૃપા વરસાવે છે." (સૂરએ નિસાઅ-આ. ૨૯) એવું પણ ઈર્શાદ ફરમાવે છે કે "અને જે વ્યક્તિ બીજાને (બીજી વ્યક્તિને અકારણ) મારી નાંખે અથવા તે વ્યક્તિ પૃથ્વી ઉપર ઉપદ્રવ ફેલાવે તો જાણે તેણે સઘળા લોકોને (સમગ્ર માનવજાતિને) મારી નાંખ્યા અને જે કોઈ વ્યક્તિએ એક વ્યક્તિને જીવનદાન આપ્યું તો જાણે તેણે સઘળા માણસોને (સમગ્ર માનવજાતિને) જીવનદાન આપ્યું (સૂરએ - માએદાહ આ.-૩૨)"

અને ઈસ્લામધર્મ તો વિર્યની ઉત્પત્તિથી જીવવાના અધિકારને સ્વીકારે છે અને તેનું રક્ષણ કરે છે. પવિત્ર શરીઅતમાં ગર્ભધારણના તદ્દન પ્રારંભિક તબક્કાથી પણ ગર્ભને મારી નાંખવાની (ગર્ભપાત કરવા / કરાવવાની) છૂટ નથી આપવામાં આવી અને જે કોઈ એવું કરશે (એટલે કે ગર્ભપાત કરશે/કરાવશે) તો તેના ઉપર દૈત (ખુનના બદલામાં રોકડ રકમ આપવી તે) ફરજિયાત (વાજિબ) થઈ જાય છે.



ઈસ્હાક-બિન-અમ્મારથી રિવાયત છે કે "મેં ઈમામ અલી અ.સ. ને પુછયું કે એક સ્ત્રીને ગર્ભધારણ કરવાની ઘણી બીક લાગે છે. શું તે દવા વિગેરે લઈને પેટ માં જે કાંઈ છે તેને નષ્ટ કરી શકે છે ? ત્યારે આપે ફરમાવ્યું "ના" મેં કહ્યું, તે તો ફક્ત (જામી ગયેલો) વિર્ય છે ત્યારે આપે ફરમાવ્યું - બેશક - પરંતુ (બાળકની ઉત્પત્તિના ઘટનાક્રમમાં) સૌથી પ્રથમ વિર્યની જ ઉત્પત્તિ થાય છે."

(મલ્લા-યહઝરહુલ ફકીહ-ભા. ૪, પાન નં. ૪૪૫)

આમ આ કારણે અહલેબૈતની વિચારસરણીમાં "જીવવાના અધિકાર"ને ખૂબ જ મહત્વ આપવામાં આવ્યું છે.

કોઈપણ જીવને મારી નાંખવાના કાજે પ્રત્યક્ષ રીતે કે પરોક્ષ રીતે કરવામાં આવેલું કોઈપણ કાર્ય માનવીના "જીવવાના અધિકાર"ને નષ્ટ કરવા સમાન છે અને આ જગતમાં તો એની સજા થશે જ પરંતુ આખેરતમાં પણ આ ગુનાહનો ઘણો મોટો અઝાબ નિશ્ચિત છે.

અને આ બાબતની દલીલ એ રિવાયત છે જેને મુહમ્મદ બિન-મુસ્લિમએ ઈમામ મુહમ્મદ બાકિર અ.સ. થી વર્ણવી છે કે આપે ફરમાવ્યું છે કે "કયામતના દિવસે એક વ્યક્તિ એ સ્થિતિમાં આવશે કે તેના ઉપર લોહી લાગેલુ હશે અને તે કહેશે કે ખુદાના સમ! મેં તો કોઈનું ખૂન નથી કર્યું અને કોઈનું ખુન કરવામાં મેં ભાગ પણ નથી લીધો ત્યારે કહેવામાં આવશે કે તેં મારા ફલાણા બંદાની બાબતે એક વાત કહી હતી જે જાહેર થઈ ગઈ હતી અને તેને કારણે તેનું ખૂન થઈ ગયું હતું. અને તેથી જ તેનું લોહી તારા ઉપર લાગેલુ છે."

(વસાએલુશ્શીઆ-ભા-૧, પા. ૧૬)



(વધુ આવતા અંકે)

# તને પ્રસન્ન કરી દઈશ




હઝરત ઈમામ જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે, એક દિવસે જ્યારે પયગમ્બરે અકરમ સ.અ.વ. હઝરત ઝહરા (સલા.) ના ઘરમાં દાખલ થયા તો જોયું કે આપે જાડા કપડામાંથી બનાવેલા વસ્ત્રો પહેરેલા છે. તેઓ એક હાથે ઘંટી ચલાવી રહ્યાં છે અને પોતાના બાળકને ખોળામાં સુવડાવીને દૂધ પણ પીવડાવી રહ્યાં છે. જનાબ ફાતેમા (સલા.)ની આવી દારૂણ પરિસ્થિતિ જોઈને આપ સ.અ.વ.ની આંખોમાં અશ્રુઓ વહેવા લાગ્યાં અને જનાબ ફાતેમા (સલા.)ને ફરમાવ્યું કે હે દીકરી ! આ જગતની કડવાશ (મુસીબતો) અને મુંઝવણોને સહી લો જેના પરિણામે તમો આખેરતની મીઠાશ માણી શકો.

ફાતેમા ઝહરા (સલા.)એ અરજ કરી કે " પિતાજી ! ખુદાએ અર્પણ કરેલ તેની નેઅમતો અને તેની દયા-કૃપા માટે હું તેનો આભાર માનું છું."

આ જવાબને કારણે (આ પ્રસંગે) જ આ આયત નાઝિલ થઈ કે,

**વલ સવફા - યુઅતીકા-રબ્બોકા - ફતરઝા**

અને ખચીત જ તારો પરવરદિગાર બહુજ જલ્દી તમને એવી વસ્તુ (અથવા એટલા બધા પ્રમાણમાં) અર્પણ કરશે કે જેનાથી તમે પ્રસન્ન થઈ જશો. (સૂરએ-ઝોહા - આયાત-૫) (મનાકિબ - ભા.-૩ પા. ૩૪૨)



# ઉખાણાં

## (પહેલી)

- નથી રંગ કે આકાર કોઈ,
  પણ તેના વગર કોઈને ચાલે નહીં,
  વૃક્ષ, ફળ, ફૂલ કંઈ ફાલે નહીં,
  તો ઝટપટ બોલો કોણ અહીં ?

- ચાર પાયા પાટ નહીં,
  આરામ કરાય પણ ખાટ નહીં,
  નેતાઓ ઝઘડે મારા માટે,
  તો ઓળખો મને કોણ હું ?

- ગોળ ગોળ ફરે,
  ને સૌને ઠંડક મળે,
  ઘર આખાને ઠંડું કરે,
  તો બોલો કોણ ચક્કર ફરે ?

- ના ખાય, ના પીએ,
  આખો દિવસ કામ કરે,
  સમય છે બહુ કિંમતી,
  સૌને સમજાવતી ફરે.



E-mail : hadimasik@yahoo.com



# મનમોહક મોર

તમારી આસપાસમાં ઘણી વખત તમે ટહુકા કરતો મોરલો જોયો છે ને દોસ્તો ? માથે સુંદર કલગી અને રંગબેરંગી પીછાને કારણે તે ખૂબ જ સોહામણો લાગે છે. અંગ્રેજીમાં માત્ર મોરને જ પીકોક (Peacock) કહેવાય છે જ્યારે ઢેલ પીહેન (Peahen ) ના નામે ઓળખાય છે. સમૂહમાં જોવા મળતા મોરને પાર્ટી કહેવાય છે, મોર અને ઢેલની પ્રજાતિને પીફાઉલ તરીકે ઓળખવામાં આવે છે.

## ક્યાં જોવા મળે છે ?

મોટા ભાગે ભારતના ઘણા પ્રદેશોમાં મોર જોવા મળે છે, જેમકે સિંધુ નદીના દક્ષિણ તેમજ ઉત્તર વિસ્તારમાં, જમ્મુ અને કશ્મીરમાં, ઉપરાંત મિઝોરમમાં મનમોહક મોર જોવા મળે છે.

## લંબાઈ અને વજન

લંબાઈ ૯૦ થી ૧૩૦ સેન્ટિમીટર, પૂંછડી પાંચ ફૂટ લાંબી અને વજન ૪ થી ૬ કિલોગ્રામ હોય છે તેની પાંખ ઉપર આંખ આકારના વાદળી, સોનેરી, લાલ અને બીજા કેટલાય રંગના નિશાન હોય છે. અવનવા રંગોને કારણે તે સૌને આકર્ષે છે.

### ભાવતું ભોજન

અનાજ, પાંદડા, નાના જીવજંતુઓ મોરનું ભાવતું ભોજન છે.





E-mail : hadimasik@yahoo.com



## પ્રજાતિ

મોટા ભાગે ભૂરા અને લીલા એમ બે રંગમાં મોર જોવા મળે છે. ભારત અને શ્રીલંકામાં ભૂરા રંગના અને લીલા રંગના મોર જોઈ શકાય છે. એક બીજી પણ બહુ જ ઓછી જાણીતી પ્રજાતિ છે કોન્ગો મોર. આ પ્રજાતિ આફ્રિકાના વર્ષા વનમાં જોવા મળે છે.

# મોર વિશે અજાણી વાતો

★ માત્ર ભારતના ઈતિહાસમાં જ નહીં પ્રાચીન રોમ અને ઈજિપ્તના ઈતિહાસમાં પણ મોર વિશે અવનવી વાતો લખાઈ છે.

★ મોરના પરિવારને બેવી કહેવાય છે અને પુખ્ત મોર પીચિક્સ ના નામે ઓળખાય છે.

★ આઠ-દસ મહિનાનો મોર પણ પુખ્ત કહેવાય છે.

★ એ તો તમને ખબર જ છે કે મોર ઉડી શકે છે પણ દોસ્તો તે બહુ જ ઓછા અંતરમાં ઉડે છે.

★ જ્યાં સૂર્યનું અજવાળુ પહોંચે એવી જગ્યાએ રહેવું મોરને સૌથી વધુ પસંદ છે.

★ રાત્રે આરામ કરવા માટે મોર અને ઢેલ ઝાડ અથવા ઉંચી જગ્યા પસંદ કરે છે.

★ સમૂહમાં રહેવું તેમને ગમે છે.

★ મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે તેનું વૈજ્ઞાનિક નામ (Parocrisatus) છે.

★ ભારતીય વન્ય પ્રાણી કાયદો ૧૯૭૨ હેઠળ મોરને રાષ્ટ્રીય સંરક્ષણ પ્રાપ્ત છે.

★ એક સમયે બાંગલાદેશમાં પણ મોટી સંખ્યામાં મોર જોવા મળતા પણ આજે ત્યાં મોર વિલુપ્ત થઈ ગયા છે.

હજારો વર્ષોથી મોર મનુષ્યોનું પ્રિય પક્ષી છે. આપણા પૂર્વજો પોતાના શોખ ખાતર પણ આ સુંદર પક્ષી પાળતા.



# મુબારક વિલાદત - ફાતેમા ઝહરા (સલા.)




આપનું અસલી નામ : ફાતેમા બિન્તે મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે.

આપને સિદ્દીકા - તાહેરા - આબેદા - બતૂલ - અઝરા - ઝહરા - રાઝિયા - મર્ઝિયા - માદરે અઈમ્મા - કનીઝે ખુદા - હવરા - શેહઝાદીયે જન્નત - સરદારે ખ્વાતીન - ખાતૂને જન્નત - સરદારે ખ્વાતીને જન્નત વિગેરે વિશેષણોથી પણ યાદ કરવામાં આવે છે.

આપના બાબા સૌથી મહાન નબી મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) છે.

આપના માદરે ગિરામી (મહાન માતા) : હઝરત ખદીજા (અ.સ.) હતાં જે અરબસ્તાનના 'મલેકા' અને ઈસ્લામમાં પોતાની શ્રધ્ધા વ્યક્ત કરનાર (ઈમાન લાવનાર) પ્રથમ સ્ત્રી હતાં.

- આપના જન્મ પછી અલ્લાહ એ જ આપનું નામ 'ફાતેમા' રાખ્યું હતું.
- આપના જન્મ સમયે જન્નતમાંથી ઘણી હૂરો આવી હતી અને આપને જન્નતનો પોશાક પહેરાવ્યો હતો.

૨૦-જમાદીયુસ્સાનીઃ મક્કા શહેરમાં આજના દિવસે આપણાં નબી (સ.અ.વ.)ના વહાલા દીકરી હઝરત ફાતેમા ઝહરા (સલા.)ની મુબારક વિલાદત (જન્મ) થઈ હતી.

- આપનો જન્મ આપણાં નબી (સ.અ.વ.)ની નબૂવ્વતની જાહેરાતના પાંચ વરસ પછી થયો હતો.



E-mail : hadimasik@yahoo.com

# શહાદત

૩-જમાદીયુસ્સાની : મોટા ભાગના વિદ્વાનો (ઉલેમા)એ આજના દિવસને હઝરત ફાતેમા ઝહરા (સલા.)ની શહાદતનો દિવસ જણાવ્યો છે. આપની શહાદત ઘણાં જ કષ્ટદાયક પ્રસંગો પછી - કષ્ટદાયક પરિસ્થિતિમાં થઈ હતી. આપને તદ્દન ગુપ્ત રીતે દફન કરવામાં આવ્યાં હતાં. આપની શહાદત સન ૧૧ હિજરીમાં આપના બાબાની વફાતના ૯૫ દિવસ પછી થઈ હતી.




૨૧- જમાદીયુસ્સાની : આજના દિવસે ઈમામ અલી (અ.સ.) અને હઝરત ફાતેમા ઝહરા (સલા.)ની જેમને અનેક યાતનાઓ પહોંચાડવામાં આવી હતી તેવી દિકરી - જનાબ ઝયનબ (સલા.) અને ઈમામ હસન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની બહેન જનાબ ઉમ્મે કુલસૂમ (સલા.)ની વફાત (અવસાન) થઈ હતી. કરબલા-સિરીયા અને કૂફામાં હજારો યાતનાઓ ભોગવ્યા પછી જ્યારે કરબલાના બંદીઓ મદીના શહેરમાં પાછા ફર્યા, તેને ચાર મહીના પસાર થયાં પછી આપની વફાત (અવસાન) થઈ હતી.






# સ્વતંત્રતાનો સાદ

ઈતિહાસના વિશાળ યુગને જોઈએ તો તેમાં આપણને મહાન ધર્મશાસ્ત્રીઓ, પ્રખ્યાત તત્વચિંતકો - વિશિષ્ટ રાજનિતિજ્ઞો - ધર્મના માર્ગે ચાલનારાઓ અને ધર્મને કાજે યુધ્ધ કરનારાઓ અને જાત જાતના સુધારકો દ્દષ્ટિગોચર થશે. માનવજીવનને ઉલટ-પુલટ કરનારી અનેક ક્રાંતિકારી શક્તિઓ પણ દ્રષ્ટિ સમક્ષ આવશે. પરંતુ ઈમામ ખુમૈની તેમાં એક વિશિષ્ટ દરજ્જો ધરાવે છે. અને તેમના વ્યક્તિત્વની વિશિષ્ટતા તેમના ચારિત્રની વ્યાપકતા અને સંપૂર્ણતામાં છે.

આયતુલ્લાહ ખુમૈની એક ધર્મશાસ્ત્રી (ફકીહ) સુધારક-જ્ઞાની-તત્વચિંતક - વિદ્વાન - રાજનીતિજ્ઞ તેમજ એક સર્વગુણસંપન્ન વ્યક્તિ હતા. તેમના વ્યક્તિત્વમાં અલ્લાહ એ અસીમ વિશિષ્ટ ગુણો પ્રદાન કર્યા હતા. આપે પોતાની વાણી અને કલમને (લખાણોને) ઈસ્લામના પ્રચાર-પ્રસાર અને નવયુવાનોના પ્રશિક્ષણના કાજે સમર્પિત કરી દીધી હતી. ઈમામે ઉમ્મતની માર્ગદર્શક તરીકેની દીર્ઘદ્રષ્ટિ અને રાજનીતિક તરીકેની બુધ્ધિમત્તાના અભ્યાસથી આપણને એ ક્રાંતિકારી દ્રષ્ટિબિંદુ જોવા મળે છે જેમાં વિચારતંત્રની નવી દિશાઓ ઉઘડી જાય છે. આપ સંપૂર્ણ સાંસ્કૃતિક સમજ સાથે મનુષ્ય જીવનમાં સામૂહિક ક્રાંતિ લાવવા ઈચ્છતા હતા, આપનો ધ્યેય દુષ્ટ રાજવ્યવસ્થાને જડમુળથી ઉખેડી ફેંકવાનો - ઈસ્લામની શત્રુ શક્તિઓ (પરિબળો) ના અસત્ય પ્રચારની અસરને નાબૂદ કરવાનો - અને અત્યાચારી સામ્રાજ્યવાદને વિધ્વંશ કરવાનો હતો - કે જે એક ઈસ્લામી સમાજની રચનાના માર્ગમાં આડખીલી રૂપ હતો. આપની સમગ્ર પ્રવૃત્તિ એ ઈસ્લામી વિચારસરણીના રક્ષણને કાજે હતી કે જેના પાયા ઉપર સત્યની રાજવ્યવસ્થા (નિઝામે હક) ઉભી કરી શકાય. આપ ઈસ્લામના જગત ઉપર છવાઈ રહેલા પશ્ચિમી સંસ્કૃતિના માનવતા વિનાશક



E-mail : hadimasik@yahoo.com



વાતાવરણને વેરવિખેર કરવા માંગતા હતા. આપનું સ્વપ્ન એક એવી ભાતૃભાવ ભરેલી વ્યવસ્થાના નિર્માણનું હતું કે જેમાં લોકો એક બીજાને મદદરૂપ થાય, એકબીજાના અધિકારોને માન આપે - પરંતુ પુરી કોમ (મિલ્લત) આપની સાથે પરિપૂર્ણ એકમત થઈ ને આ સામૂહિક જવાબદારીને જાગૃત કરવા પુરૂષાર્થ ન કરે ત્યાં સુધી આ પરિવર્તન શક્ય નહોતું.

રસૂલે અકરમ સ.અ.વ.નો ઈર્શાદ છે કે “ (જે વ્યક્તિ) જગતના કોઈપણ ખૂણામાંથી કોઈ મુસલમાનની ફરિયાદ સાંભળે અને તેને હકારાત્મક પ્રતિસાદ ન આપે તે વ્યક્તિ મુસલમાન નથી.”

નબી સ.અ.વ.ના આ ઈર્શાદ મુજબ પૂર્વમાં રહેલ મુસલમાન ઉપર પશ્ચિમમાં રહેલા મુસલમાનનો એટલો જ હક છે.

એક સત્ય હદીસમાં આ અધિકારની ઘોષણાં મહાન પયગમ્બર સ.અ.વ. એ આ શબ્દોમાં કરી છે “જે વ્યક્તિ મુસલમાનોના (સામૂહિક અને વ્યક્તિગત) કામોને મહત્વ ન આપતો હોય તેવી અવસ્થામાં રાત્રી પસાર કરે તો તે મુસલમાન જ નથી.”



એક સત્ય હદીસમાં ઈર્શાદ છે કે

“મોમિન બીજા મોમિન માટે એક એવી દિવાલ છે કે જેની એક ઈંટ-બીજી ઈંટને મજબૂત કરતી હોય.”

E-mail : hadimasik@yahoo.com

# આશ્ચર્ય પમાડે તેવી ઘટનાઓ



## હવાઈ બાળકો :

તાજેતરમાં એક અફઘાની સ્ત્રીએ આકાશમાં એક બાળકને જન્મ આપ્યો. તે ૪૦ વરસની છે. આ બાળક તેનું પંદરમું સંતાન છે જેને એણે આકાશમાં એટલે કે વિમાનમાં જન્મ આપ્યો હતો. આ સ્ત્રીએ પોતાના તમામ પંદરે પંદર બાળકોને વિમાનમાં જ જન્મ આપ્યો હતો અને આ રીતે તેને ''હવાઈ બાળકો''ની માતા થવાનું બિરુદ પ્રાપ્ત થયું હતું.

## કાગડા સૌથી ચતૂર :



કાનાવાઈના રહેવાસી એક વૈજ્ઞાનિકે ઘણા પક્ષીઓ ઉપર સંશોધન કરીને એવું તારણ રજુ કર્યું છે કે પક્ષીઓમાં કાગડા સૌથી ચતૂર હોય છે અને તે પછી સમડીનો નંબર આવે છે.



## સૌથી ઓછું વજન :

એક વિયેટનામી વ્યક્તિ જગતનો સૌથી ઠીંગણો વ્યક્તિ છે. તેની ઉંચાઈ ૮૫ સે.મી. છે અને તેનું વજન ફક્ત ૧૪ કિલોગ્રામ છે.



E-mail : hadimasik@yahoo.com



## ૬૦ ટનની માછલી :

પર્શિયા (ઈરાન)ના અખાતમાં ૬૦ ટન વજનની એક માછલી એક વહાણ સાથે અથડાઈ ઘવાઈ ગઈ હતી અને પછી તે હરમુઝ નામના ટાપુ પાસે આવી ગઈ જ્યાં તેને પકડી લેવામાં આવી હતી. પરંતુ તે ખૂબ જખ્મી થઈ ગઈ હતી તેથી મરી ગઈ. આ માછલી ૧૭ મીટર લાંબી હતી.

## ચિત્રકામ કરેલ દિવાલ :



સ્વીઝ દેશમાં એક ઘણી વિશાળ દિવાલ ઉપર ચિત્રકામ કરવામાં આવ્યું છે જેનું ક્ષેત્રફળ ૧૫૦૦૦ ચો.મી. છે જેને ''પેરોમિત્રો'' નામની વ્યક્તિએ પોતાના અન્ય સાત સાથીઓની મદદથી તૈયાર કર્યું હતું. આ ચિત્રકામમાં ૧૦,૦૦૦ લીટર રંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**બિન્તુલહુદા રિઝવી**
અલઅમીન પાર્ક, વટવા, અમદાવાદ.



**હાજી નાજી બોર્ડીંગ**
માળી ટેકરા, આંબાચોક, ભાવનગર.



**લાખાણી ઈમરાન એમ.**
ખોજા મસ્જીદ પાસે, રાજુલા.



**હિરાણી શાહીન રઝા**
જીવાબાવા ચોક, રાજુલા.



E-mail : hadimasik@yahoo.com



# ઈમામ ખુમૈની (રહ.) અને બુધ્ધિચાતુર્ય

ઈમામ ખુમૈની (રહ.) વિશે એવું પ્રખ્યાત છે કે આપ કોઈપણ કામને તેના દરેક પાસા ઉપર સંપૂર્ણ વિચાર કર્યા વગર કરતાં નહોતા અને તે અંગે કોઈ નિર્ણય લેતા નહોતા અને કોઈ સમસ્યા કે બાબત અંગે નિર્ણય લેવાનો થતો તે સમસ્યાના દરેક પાસાં અંગે પૂરેપુરો વિચાર કર્યા પછી સમતોલ બુધ્ધિથી નિર્ણય લેતા હતાં. એક વખતે ઈરાનના બાદશાહનો એક પ્રતિનિધિ ઈજિપ્તના રાજદૂતના વેશમાં આપની પાસે આવ્યો અને આપને કહ્યું "હું લેબેનોનમાં ઈજિપ્તનો રાજદૂત છું અને અત્યારની પરિસ્થિતિને દ્રષ્ટિ સમક્ષ રાખીને ઈજિપ્તની સરકાર આપને સહાય કરવા માટે તૈયાર છે. અને ઈજિપ્તના પ્રમુખ અબ્દુન્નાસિરએ આપને મારા મારફતે સંદેશો મોકલાવ્યો છે કે આપને ધન-દૌલત-શસ્ત્રો-સરંજામ-જે પણ વસ્તુ જોઈતી હોય તેવી સહાયતા કરવા અમે તૈયાર છીએ."

આપે તે રાજદૂતની આ વાતને ખુબ જ ધ્યાનપૂર્વક સાંભળી અને સંપૂર્ણ વિચાર કર્યા પછી ખુબ જ ધૈર્યપૂર્ણ રીતે શાંતિપૂર્વક કહ્યુ કે "પોતાના દેશના પ્રમુખની સેવામાં અમારો એવો સંદેશો પહોંચાડી દેજો કે આ (મારા ઈરાનના સમ્રાટના અત્યારી શાસન સામેની ચળવળ) અમારા દેશની આંતરિક બાબત છે. અને અમારા આ આંતરિક મામલામાં અમને કોઈ બાહ્ય શક્તિની દખલગીરી કે સહાયતાની જરૂર નથી."

કેટલીક મુદ્દત પછી ખબર પડી કે આ ઈરાનના સમ્રાટની જ એક ચાલબાજી હતી અને તે આવનાર વ્યક્તિ ઈરાનના બાદશાહનો જ પ્રતિનિધિ હતો અને ચાલબાજી એવી હતી કે ઈમામ ખુમૈની બીજા દેશની સહાયથી ઈરાનમાં સત્તાનો તખ્તો ફેરવી નાંખવા માગે છે તેવું સાબિત કરીને તેમની સામે કાર્યવાહી કરવા માટે પુરાવો મેળવવાની આ એક ચાલ હતી.



# રાત્રીનો અંધકાર

બધે જ અંધકાર ફેલાએલો હતો અને અંધકારે દરેક વસ્તુને ઘેરી લીધી હતી. હું મારા મિત્ર પાસે ગામડે જવા માંગતો હતો પરંતુ શહેરથી ગામડે જવા માટે માર્ગમાં નદી પાર કરવી પડતી હતી.

પરંતુ મારા માટે મારા મિત્રને ત્યાં જવું જરૂરી હતું. મારો મિત્ર બિમાર હતો તેને કારણે નિશાળે નહોતો આવી શક્યો અને બીજા દિવસે અમારી પરીક્ષા હતી. હું તેને પરીક્ષામાં જે પાઠ આવરી લેવાયા હતા તે સમજાવવા માંગતો હતો જેથી કરીને મારો મિત્ર પરીક્ષામાં નાપાસ ના થઈ જાય, આવું વિચારીને હું ઘરેથી નીકળી પડ્યો, વરસાદ થયેલો હતો, શહેરની ગલીઓમાં પણ પાણી ભરાએલું હતું. હું આગળ વધવા લાગ્યો અને શહેરની બહાર નદી કિનારે આવી ગયો. ત્યાં મને બીક લાગી કે ક્યાંક હું નદીમાં પડી તો નહીં જાઉં ને ? મારા કપડા તો પલળી નહીં જાય ને. છેવટે મેં સુરવાલને ઉંચે કરી લીધી અને નદીમાં ઉતરી પડ્યો. પાણી ઠંડુ હતું. નદીની વચ્ચે પહોંચ્યો તો મને લાગ્યું કે પાણી ઉંડું થઈ રહ્યું છે અને પાણીનું વહેણ પણ તેજ છે. આ પરિસ્થિતિ જોઈ ને મને બીક લાગી - અંધારી - કાળી રાત્રી - મનમાં બીક - પ્રાણીઓના બીહામણાં અવાજો.... પવનની થાપટો

.... બધા મને બીવડાવતા હતા. હું ત્યાં જ રોકાઈ ગયો. હવે શું કરૂં મને સમજાતું નહોતુ. પાછો ફરૂં તો બાપડો મારો મિત્ર નાપાસ થઈ જશે. આગળ વધવાની હિમ્મત મારામાં રહી નહોતી.

એટલામાં મને ઘોડાના ડાબલાનો અવાજ સંભળાયો. કોઈ વ્યક્તિ ઘોડા ઉપર સવાર થઈને મારી દિશામાં આવી રહ્યો હતો. મારી બીક વધી ગઈ. આ કોણ હશે ? કેમ આવે છે ? શું કરશે ? બીકના માર્યો હું ધ્રુજ્વા લાગ્યો પરંતુ તે સવાર પાસે આવ્યો તો મેં જોયું કે તે તો મારા જ પિતા હતા જે એ હકીકત સમજી ગયા હતા કે હું મારા મિત્રને મદદ કરવા નીકળી પડ્યો છું. રસ્તો ખરાબ હતો તેથી તેઓ મારી સહાયતા માટે આવી ગયા હતા, તે પછી તો હું મારા પિતા સાથે ઘોડા ઉપર સવાર થઈને મારા મિત્રને ત્યાં ગયો, અમે આખી રાત ખૂબ વાંચ્યુ - સવારે પરીક્ષા આપી અને મારી સાથે મારો મિત્ર પણ સારા ગુણ લાવીને પાસ થયો.

આવી રીતે મેં મારા એક મિત્રની સહાયતા કરીને ચિરસ્મરણીય ખુશી મેળવી. શું તમે પણ પોતાના મિત્રોનો આવો ખ્યાલ રાખો છો ?

વહાલા હાદી મિત્રો ! આપે પણ કદી પોતાના મિત્રની આવી રીતે સહાયતા કરી છે ? જો કરી હોય તો તેનું વૃત્તાંત અમને લખી મોકલો.

# ઈસ્લામી સમાજ અને ઈમામ ખુમૈની (રહ.)



ઈમામ ખુમૈની (રહ.) ફરમાવે છે કે ઈસ્લામી શાસનનો અર્થ એ સિવાય બીજો કોઈ નથી કે તે આમ જનતાની સેવા કરનાર હોય જે કૌમ (દેશ) બીજા ઉપર આધાર રાખવાને બદલે પોતે જ પગભર થવાની ચિંતા કરે, તે માટે સંઘર્ષ કરે તે ઝડપથી પ્રગતિ કરે છે અને બીજાની સહાયતાથી જીવન વિતાવવાને પ્રગતિ કહેવું તે પ્રગતિનું અપમાન છે.

જગતના ખૂણે ખૂણે ઈસ્લામી સિધ્ધાંતોના પ્રસાર અને તેમને યોગ્ય રીતે લાગુ પાડવા માટે પ્રયત્નશીલ થવું જોઈએ. આ યુગમાં તો જગતની પરિસ્થિતિ એવી છે કે હવે કોઈ સુપર પાવર કોઈપણ દેશ અથવા કૌમને પોતાની અત્યાચારી સાંકળોમાં જકડી લઈ શકતું નથી.

અર્વાચીન યુગની એ જરૂરિયાત છે કે બધા જ દેશો અન્ય પ્રગતિશીલ દેશો માટે માર્ગદર્શક બને, તેમને પૂર્વ કે પશ્ચિમ તરફ ઝુકવાથી અટકાવે અને ત્યાંની સંસ્કૃતિને અપનાવવામાંથી મુક્તિ અપાવે કેમકે અર્વાચીન યુગ કૌમોની જાગૃતિ અને (પોતાના અસ્તિત્વને ટકાવી રાખવાને કાજે) પુરૂષાર્થ કરવાનો યુગ છે.

જ્યાં સુધી મુસ્લિમ જગત પોતાના ઈસ્લામી અસ્તિત્વના રક્ષણ કાજે સક્રિય રીતે પુરૂષાર્થ નહીં કરે ત્યાં સુધી કોઈ સંમેલન, કોઈ બેઠક - કોઈ કોન્ફરન્સ લાભદાયી થશે નહી અને આ બધી ફક્ત મનને બહેલાવવાની વાતો હશે.







E-mail : hadimasik@yahoo.com

# જુઓ અને સમજો



પ્રદુષણ મુક્ત જીવન...



મારે પણ રમવું છે...



કુદરતનો ચમત્કાર



મિત્રતાની મિશાલ...

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



હદીસ

"જે માણસને એવી ઈચ્છા હોય કે ખુદા પાસે જે માંગે તે તુરંત મળી જાય, તો ખુદા સિવાય બીજા કોઈથી આશા રાખે નહી"

નકવી અલીનવાઝ
નકવી અનવર
લાખાણી સકલૈન
હાજી નાજી બોર્ડીંગ
ભાવનગર

**નકવી અલીનવાઝ, નકવી અનવર, લાખાણી સકલૈન**
હાજી નાજી બોર્ડીંગ, ભાવનગર.



જન્મતારીખ - ૭/૮/૯૯ ધોરણ - ૭
ઉંમર - 13 વિષય - ટુચકા
સરનામું - મોટી નાગલપર (અંજાર-કચ્છ)
દેવજાણી રફીકભાઈ.

1 શિક્ષક - ક્યા ધનુષ્ય પર પણછ ચડાવી શકાતી નથી?
અસગર - મેઘ ધનુષ્ય પર!

2 શિક્ષક - ક્યા પક્ષી ઉપર ભરોસો ન રખાય?
ફીરોઝ - લાયરબર્ડ પર.

3 શિક્ષક - સમુદ્ર અને ખૂર બંનેમાં શું સમાન છે?
અલી - બંનેમાં 'મોજા' જોવા મળે છે સર!

4 શિક્ષક : ભેંસને ફ્રીઝમાં રાખીએ તો?
સાબિર - તે દૂધને બદલે 'આઈસ્ક્રીમ' આપે!

5 શિક્ષક : હાથી ક્યાં જોવા મળે?
સબનમ :- 'જંગી સેલ'માં સર!

6 હાથી અને કીડીની દોસ્તી થઈ તે વાત કીડીના બાપને પસંદ ન હતી. એક વાર હાથી અને કીડી બે બંને વાતો કરતા હતા ત્યા તેનો બાપ આવ્યો તો કીડી હાથીને કહે તુ મારી પાછળ છૂપાઈ જા.

**દેવજાણી રફીકભાઈ**
મોટી નાગલપર, અંજાર - કચ્છ.



નામ : દેવજાણી. અલીરઝા.
વર્ષ : 10. ધોરણ 5
મોમીન ભાઈના ચહેરા ઉપર જોવુ ઈબાદત છે.
હ. રસુલેખુદા (સ.અ.વ)
હાજી નાજી બોર્ડીંગ

**દેવજાણી અલીરઝા**
હાજી નાજી બોર્ડીંગ, ભાવનગર.



હાદી માસીક

સલામુન અલયકુમ

"સલામ બાદ જણાવવાનું કે અમને તમારુ "હાદી માસીક" ખુબજ ગમે છે."

મને વાચવાની ખુબ મજા આવે છે. અને વાચીને ખુબજ જાણવા મળે છે.

હું ખુદા પાસે દુવા માંગુ છુકે આ હાદી માસીક બધા શીયાના ઘરોમાં આવે અને બાળકો તેમાથી ઘણો બધો લાભ લઈ અને ઈલ્મ પ્રાપ્ત કરે એવી મારી દુઆ છે.

નામ :- ભોજાણી શાનેરઝા અબ્બાસ અલી
And
નામ :- ભોજાણી અલીરઝા અબ્બાસ અલી
સરનામું :- શીશુ વીહાર સર્કલ ભાવનગર.

**ભોજાણી શાને રઝા અને અલીરઝા અબ્બાસઅલી**
શીશુવિહાર સર્કલ, ભાવનગર.



E-mail : hadimasik@yahoo.com

# પરદાનું મહત્વ



- પરદો તમારા માટે શરાફત અને ઈજ્જતની નિશાની છે. - કુરઆન મજીદ

- બહેનો માટે સૌથી સારો (બહેતરીન) શણગાર પરદો છે. - ફાતેમા ઝહેરા (સલા.)

- અમારી માતાઓ અને બહેનો, પરદો તમારી જેહાદ છે. તેનો ખાસ ખ્યાલ રાખજો.

  - ઈમામ ખુમૈની રેહ.



ઉખાણાંના જવાબ : (૧) પાણી (૨) ખુરશી (૩) પંખો (૪) ઘડીયાળ

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોન: ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**

E-mail : hadimasik@yahoo.com



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**



*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*